## ૨. રીડીમેબલ પ્રેફરન્સ શેર બહાર પાડવા અને નાણાં પરત કરવા

**અર્થ:**રિડીમેબલ પ્રેફરન્સ શેર એ એવા શેર્સ છે કે જે બહાર પાડનાર કંપની દ્વારા નિશ્ચિત દરે અને તારીખે પુનઃખરીદી અથવા પરત કરી શકાય છે.

પસંદગીના શેર બહાર પાડવાની જોગવાઈઓ:

કંપની અધિનિયમ, 2013 ની કલમ 55, કંપનીને રિડીમેબલ પ્રેફરન્સ શેર બહાર પાડવાની પરવાનગી આપે છે પરંતુ ઈરિડીમેબલ પ્રેફરન્સ શેર બહાર પાડવાની મંજૂરી આપતી નથી.

રિડીમેબલ પ્રેફરન્સ શેર બહાર પાડવા માટેની શરતો:

1. કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશનએ કંપનીને આવા પ્રેફરન્સ શેર બહાર પાડવાની સત્તા હોવી જોઈએ.
2. કલમ 55(2) મુજબ, શેર દ્વારા મર્યાદિત કંપની પ્રેફરન્સ શેર બહાર પાડી શકે છે જે તેમના ઈશ્યૂની તારીખથી 20 વર્ષથી વધુ ન હોય તેવા સમયગાળામાં પરત કરવા માટે જવાબદાર હોય છે.

નોંધ: ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ પ્રોજેક્ટ્સની સ્થાપના અને તેની સાથે કામ કરતી કંપની 20 વર્ષથી વધુ સમયગાળા માટે પ્રેફરન્સ શેર ઈશ્યૂ કરી શકે છે પરંતુ 30 વર્ષથી વધુ નહીં, 21મા વર્ષથી દર વર્ષે આવા પ્રેફરન્સ શેરના ઓછામાં ઓછા 10% પરત કરવાને આધીન છે.

3. કંપનીની સામાન્ય સભામાં ખાસ ઠરાવ પસાર કરીને આવા શેરના બહાર પાડી શકે છે. કંપની, પ્રેફરન્સ શેરના આવા ઈશ્યુ સમયે, આ કાયદાની શરૂઆત પહેલા કે પછી બહાર પાડેલા પ્રેફરન્સ શેર પરત કરવામાં અથવા કોઈપણ પ્રેફરન્સ શેર્સ પર બાકી ડિવિડન્ડની ચુકવણીમાં કોઈ કસૂર કર્યો ન હોવો જોઈએ.
4. પ્રેફરન્સ શેર બહાર પાડતી કંપની આવા શેરોને લગતી નીચેની બાબતોના સંદર્ભમાં દયાન આપશે:

i) ડિવિડન્ડની ચુકવણી અથવા મૂડીની ચુકવણીમાં કસૂર કર્યો ન હોવો જોઈએ. કંપનીનું  જ્યારે લિકવીડેશન કરવામાં આવે ત્યારે સમગ્ર મૂડીની ચૂકવણી કર્યા પછી વધારાના ફંડમાં તેને હિસ્સો આપવાનો રહેશે;

ii) સંચિત અથવા બિન-સંચિત ધોરણે ડિવિડન્ડની ચુકવણી.

iii) પ્રેફરન્સ શેરનું ઈક્વિટી શેરમાં રૂપાંતર.

iv) મતદાન અધિકારો

v) પ્રેફરન્સ શેર્સ સમયસર પરત કરવા.

## કંપનીધારા, ૨૦૧૩ની રિડીમેબલ પ્રેફરન્સ શૅર પરત કરવાની જોગવાઈઓ:

(૧) કંપનીના આર્ટિકલ્સ ઑફ ઍસોસિયેશનમાં આવા શૅર બહાર પાડવાની સત્તા હોવી જોઈએ.

(૨) તે નિશ્ચિત સમય પછી પરત થઈ શકે અથવા કંપનીની મરજી મુજબ પરત થઈ શકે છે.

(જો કે કંપનીધારાના સુધારા દ્વારા એવી જોગવાઈ કરવામાં આવી છે કે વીસ વર્ષથી વધુ સમય પછી પરત કરવાના હોય એવા પ્રેફ. શૅર બહાર પાડી શકાય નહિ.)

(૩) આવા શૅર પૂરેપૂરા ભરપાઈ થયેલા હોય ત્યાર પછી જ તેનાં નાણાં પરત થઈ શકે છે.

(૪) આવા શૅર ફક્ત બે સાધનોમાંથી પરત થઈ શકે :

(i) ડિવિડન્ડ તરીકે મળી શકે એવા કંપનીના નફામાંથી      અથવા

(ii) શૅર પરત કરવા માટે જ બહાર પાડેલા નવા શૅરની ઊપજમાંથી.

(૫) જો નફામાંથી આ શેરનાં નાણાં પરત કરવાનાં હોય તો નફામાંથી 'મૂડી પરત અનામત ખાતું' ખોલવું કરવું જોઈએ અને તે ખાતે પરત કરેલ શેરમૂડીની દાર્શનિક કિંમત જેટલી રકમ જમા કરવી જોઈએ.

(૬) આ શેરનાં નાણાં પરત કરતાં પ્રીમિયમ આપવાનું હોય તો તેની જોગવાઈ કંપનીના નફામાંથી અથવા જામીનગીરી પ્રીમિયમમાંથી કરવી જોઈએ.

(૭) કંપનીધારા મુજબ હવે પછી કોઈ પણ કંપની ઈરિડીમેબલ પ્રેફરન્સ શૅર બહાર પાડી શકશે. તેથી, હવે કંપનીના બધા પ્રેફરન્સ શૅર રિડીમેબલ જ હોવા જોઈએ.

(૮) જો આ રીતે શેરમૂડી પરત કરવામાં આવી હશે તો તે કંપનીની સત્તાવાર મૂડીમાં ઘટાડો થયો છે એમ ગણાશે નહિ.

(૯) જ્યારે કંપનીએ આવી રીતે શૅરમૂડી પરત કરી હશે તો તેને તેની દાર્શનિક કિંમત જેટલા શેર બહાર પાડવાની સત્તા રહેશે અને તેના પર વધારાની નોંધણી ફી ભરવી પડશે નહિ; પરંતુ આવા શેર પરત કરતાં પહેલાં નવા શૅર બહાર પાડી શકાય નહિ, સિવાય કે નાણાં પરત કર્યાના એક મહિનાની અંદર બહાર પાડવામાં આવ્યા હોય.

૧૦) મૂડી પરત અનામત ખાતામાંથી કંપની પૂરેપૂરા ભરપાઈ થયેલા બૉનસ શૅર બહાર પાડી શકશે.

મહત્ત્વની નોંધ: (૧) કંપની ડિવિડન્ડ વહેંચવા યોગ્ય નફામાંથી અથવા

(૨) પ્રેફરન્સ શૅર પરત કરવા માટે બહાર પાડેલ નવા શૅરનાં નાણાંમાંથી જ રિડીમેબલ શૅરનાં નાણાં પરત કરી શકે

## રિડીમેબલ પ્રેફરન્સ શેર બહાર પાડવા માટેની આમનોંધ

| ક્રમ | વ્યવહાર | આમનોંધ |
|---|---|---|
| ૧ | અરજીના નાણાં મળવા | બેંક ખાતે ઉ.<br>તે શેર અરજી ખાતે |
| ૨ | અરજીના નાણાં શેર મૂડી ખાતે લઈ જાય, ત્યારે | શેર અરજી ખાતે ઉ.<br>તે શેર મૂડી ખાતે |
| ૩ | શેર મંજુર કરવામાં આવે ત્યારે | શેર મંજુરી ખાતે ઉ.<br>તે શેર મૂડી ખાતે |
| ૪ | શેર મંજુરીના નાણાં મળે ત્યારે | બેંક ખાતે ઉ.<br>તે શેર મંજુરી ખાતે |
| ૫ | શેર પ્રથમ હપ્તાની રકમ મળવા પાત્ર થાય ત્યારે | શેરના પ્રથમ હપ્તા ખાતે ઉ.<br>તે શેર મૂડી ખાતે |
| ૬ | શેર પ્રથમ હપ્તાની રકમ મળે ત્યારે | બેંક ખાતે ઉ.<br>તે શેર પ્રથમ હપ્તા ખાતે |
| ૭ | શેર છેલ્લા હપ્તાની રકમ મળવા પાત્ર થાય ત્યારે | શેરના છેલ્લા હપ્તા ખાતે ઉ.<br>તે શેર મૂડી ખાતે |
| ૮ | શેર છેલ્લા હપ્તાની રકમ મળે ત્યારે | બેંક ખાતે ઉ.<br>તે શેરના છેલ્લા હપ્તા ખાતે |

રિડીમેબલ પ્રેફરન્સ શેર પરત કરવા માટેની આમનોંધ

| વ્યવહાર | આમનોંધ |
|---|---|
| ૧. શેરપ્રીમિયમ થી પરત કરવાના હોય,ત્યારે | રિડીમેબલ પ્રેફરન્સ શેરમૂડી ખાતે ઉ.<br>પ્રેફરન્સ શેર પરત પ્રીમિયમ ખાતે ઉ.<br>તે પ્રેફરન્સ શેરહોલ્ડર ખાતે |
| ૨. પરત પ્રીમિયમની જોગવાઈ કરવા | જામીનગીરી પ્રીમિયમ ખાતે ઉ.<br>નફા-નુકસાન ખાતે ઉ.<br>તે પ્રેફરન્સ શેર પરત પ્રીમિયમ ખાતે |
| ૩. જો શેર નફા માંથી પરત કરવાના હોય,ત્યારે | નફા-નુકસાન ખાતે ઉ.<br>સામાન્ય અનામત ખાતે ઉ.<br>તે મૂડી પરત અનામત ખાતે |
| ૪. પ્રેફરન્સ શેર પરત કરવા નવા શેર બહાર પાડવામાં આવે ત્યારે | બેંક ખાતે ઉ.<br>તે જામીનગીરી પ્રીમિયમ ખાતે<br>તે શેર મૂડી ખાતે |
| ૫. શેર મૂડીના નાણાં પરત કરવાના હોય, ત્યારે | પ્રેફરન્સ શેરહોલ્ડર ખાતે ઉ.<br>તે બેંક ખાતે |
| ૬. શેર મૂડીના નાણાં પરત કરવાના હોય અને કોઈ શેર હોલ્ડરો અંગે માહિતી ન મળે અથવા હપ્તાની રકમ ન ભરી હોય, ત્યારે | પ્રેફરન્સ શેરહોલ્ડર ખાતે ઉ.<br>તે બેંક ખાતે<br>તે પ્રેફરન્સ શેર પરત ઉપલક ખાતે |